પાકિસ્તાન આખરે ઝુંક્યુ : લખવીને જેલમાં રખાશે

ઇસ્લામાબાદ,તા. ૧૯

મુંબઇ હુમલાના માસ્ટર માઇન્ડ અને મુખ્ય કાવતરાખોર જાકી ઉર રહેમાન લખવીને પાકિસ્તાનની આતંકવાદ વિરોધી કોર્ટે જામીન આપી દીધાના એક દિવસ બાદ પાકિસ્તાન સરકારે મેઇન્ટેનન્સ ઓફ પબ્લિક ઓર્ડર (એમપીઓ) નિયમો હેઠળ તેની ફરી અટકાયત કરી લીધી હતી. ત્રણ મહિના સુધી જેલમાં જ રહેશે. રાવલપિંડીની અદિલા જેલમાં તેને ફરી મોકલી દેવામાં આવ્યો છે. ભારતમાં તેને જામીન મળ્યા બાદ જોરદાર આક્રોશ જોવા મળતા તેની સીધી અસર પાકિસ્તાનમાં થઇ હતી અને પાકિસ્તાન હચમચી ઉઠ્યું હતું. દબાણ

હેઠળ ઝુંકીને પાકિસ્તાનને ફરી તેની અટકાયત કરવાની ફરજ પડી છે. મુંબઈ હુમલા કેસમાં સરકારના પ્રોસીક્યુટર મોહમ્મદ અઝહર ચૌધરીએ કહ્યું હતું કે, સરકારે હાઈકોર્ટમાં લખવીની જામીનના નિર્ણયને પડકાર ફેંકવાનો પણ નિર્ણય કરાયો છે. સોમવારના દિવસે ઇસ્લામાબાદની હાઈકોર્ટમાં જામીનને મંજુરી આપવામાં આવી હતી. તેને હવે પડકાર ફેંકવામાં આવ્યો છે. ગુરુવારના દિવસે આતંકવાદ વિરોધી કોર્ટે લખવીની જામીન અરજી સ્વીકારી લીધી હતી અને તેની મુક્તિ માટે ૫૦૦૦૦૦ના સ્યોરિટી બોન્ડ ચુકવવાનો આદેશ કર્યો હતો. જો કે, તેને છોડી શકાયો નથી. સરકારે એમપીઓ હેઠળ તેની અટકાયત જારી રાખવાનો નિર્ણય કર્યો છે. ગૃહમંત્રાલય દ્વારા આદેશ કરાયો હતો. ભારત સરકારે અગાઉ આ નિર્ણય સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે. ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે હુમલા કરવામાં તેની મુખ્ય ભૂમિકા રહી હતી. સાત શખ્સો ઉપર આક્ષેપ મુકાયો હતો. મુંબઈ હુમલામાં ૧૬૧ લોકોના મોત થયા હતા અને ૬૦૦ લોકો ઘાયલ થયા હતા. અફઘાનિસ્તાન અને ચેચેનિયામાં પણ લખવી લડાઈ કરી ચુક્યો છે. લખવી સંસ્થાકીય કુશળતા અને જેહાદ માટે કટિબદ્ધતા ધરાવે છે. મુંબઈમાં ૨૦૦૬માં ટ્રેન હુમલામાં પણ તેની સંડોવણી હતી જેમાં ૨૦૦ લોકોના મોત થયા હતા. નવેમ્બરમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આ વર્ષે ૨૦૦૯માં પાકિસ્તાનમાં તેની ધરપકડ કરાઈ હતી. મુંબઈ હુમલાના લીધે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો હતો. ભારતે આજે તેની સામે જામીનને ફગાવી દીધી હતી અને જોરદાર વાંધો ઉઠાવ્યો હતો.

લખવીને જામીન માનવતા ઉપર એક પ્રહાર છે : મોદી

નવીદિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈ હુમલાના અપરાધી લખવીને જામીન આપવાના મુદ્દે આજે સંસદમાં નિવેદન કર્યું હતું. વડાપ્રધાને ઉપસ્થિત સભ્યોને ખાતરી આપી હતી કે, ભારતે કઠોર શબ્દોમાં પોતાની નારાજગી પાકિસ્તાનને જણાવી દીધી છે અને એમ પણ કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાન પાસેથી વધુ પગલાની અપેક્ષા ભારત રાખે છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, પેશાવર હુમલા બાદ જે રીતે આને જામીન અપાયા છે તે ખુબ જ અયોગ્ય બાબત છે અને માનવતા સામે એક ફટકો સમાન છે. આઘાતજનક બાબત છે. વિશ્વભરમાં માનવતામાં માનનાર લોકોને આ બાબત આખાત લગાવે તેવી છે. મોદીએ ઉમેર્યું હતું કે, પાકિસ્તાની વડાપ્રધાન સમક્ષ તેમની ફોન પર વાતચીત દરમિયાન તેઓએ એમ પણ કહ્યું હતું કે, પેશાવરની સ્કૂલમાં માસૂમ બાળકોના નરસંહારથી જેટલું દુખ પાકિસ્તાનને થયું છે તેનાથી ઓછું દુખ ભારતને પણ થયું નથી. ભારતમાં પણ દરેક જગ્યાએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાયા છે. લોકો દુખી થયા છે. મોદીએ કહ્યું હતું કે, પાકિસ્તાનમાં જે કંઈ પણ ઘટનાક્રમ છે તે અંગે અમે સંપૂર્ણપણે વાકેફ છે અને ભાવિ ઘટનાક્રમ ઉપર નજર રાખી રહ્યા છે. અગાઉ મોદીએ નિવેદન કરતા કહ્યું હતું કે, દરેક ભારતીયની આંખમાં આસું રહ્યા છે. વિદેશમંત્રી સુષમા સ્વરાજે કહ્યું છે કે, પાકિસ્તાને કોઈપણ ખચકાટ વગર આતંકવાદ સામેની લડાઈ અંગે તેની કટિબદ્ધતાની મજાક બનાવી દીધી છે. લખવીને જામીન આપી પાકિસ્તાને આતંકવાદ સામેની લડાઈની મજાક ઉડાવી છે. લખવી સામે પુરાવા નથી તેવી દલીલ હાસ્યાસ્પદ છે. લોકસભામાં ત્યારબાદ એક ઠરાવ પસાર કરીને લખવીને જામીન આપવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.



જીએસટી બિલ આગામી સંસદ સત્રમાં હાથ ધરાશે

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રીય નાણાપ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ બિલ (જીએસટી)ને સંસદના આગામી સત્રમાં હાથ ધરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે સીએસટીના અનુસંધાનમાં રાજ્યોને વળતર આપવામાં આવશે. પ્રથમ ઈન્સ્ટોલમેન્ટ આગામી વર્ષે ૩૧મી માર્ચ પહેલા ઉપલબ્ધ કરાવવામાં આવશે. નવી દિલ્હીમાં એક સમિટમાં તેઓએ આ મુજબની વાત કરી હતી. સ્વતંત્રતા બાદ સૌથી મોટા ટેક્સ સુધારાને લાવવામાં આવનાર છે. આને આગામી સંસદીય સત્રમાં રજૂ કરવામાં આવશે. તમામ રાજ્યોની તકલીફ દૂર કરવામાં આવી ચુકી છે. સંસદના વર્તમાન સત્રમાં જીએસટી બિલને પસાર કરવાની યોજના નથી. આગામી સત્રમાં આને વિધિવતરીતે હાથ ધરવામાં આવશે. એપ્રોપ્રિયેશન (નંબર ૪) બિલ ૨૦૧૪ અંગે વાત કરતા જેટલીએ રાજ્યસભામાં આ મુજબની વાત કરી હતી. રિટર્ન થયેલા બિલમાં કેટલીક જોગવાઈઓ સ્પષ્ટપણે રહેલી છે. ૧૦મી ડિસેમ્બરના દિવસે આ બિલ લોકસભામાં પસાર કરાયું હતું. નાણામંત્રીએ કહ્યું હતું કે, જીએસટી સુધારા બિલ કેન્દ્ર અને રાજ્ય બંને માટે એક સમાન સ્થિતિ સમાન છે. જેટલીએ કહ્યું હતું કે, બિલના મુસદ્દાને લઈને વ્યાપક ચર્ચા થઈ ચુકી છે. જીએસટી અંગેની એમ્પાવર્ડ કમિટિમાં પણ ચર્ચા થઈ છે. સીએસટીના અનુસંધાનમાં યોગ્ય વળતર રાજ્યોને અપાશે. રાજ્યોની તમામ દહેશતને દૂર કરતા જેટલીએ કહ્યું હતું કે તેમના હિતોને યોગ્યરીતે જાળવવામાં આવશે. રાજ્યોને નુકસાન થશે તે બાબત અયોગ્ય છે.

કાશ્મીર-ઝારખંડમાં આજે અંતિમ તબક્કાનું મતદાન

રાંચી/શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના પાંચમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાશે. જમ્મુ કાશ્મીરમાં ૨૦ અને ઝારખંડમાં ૧૬ બેઠકો માટે મતદાન યોજાશે. મોદીની લહેર વચ્ચે બાજપ બન્ને રાજ્યોમાં શાનદાર જીત મેળવી લેવા માટે આશાવાદી છે. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી. જમ્મુથી પ્રાપ્ત અહેવાલ મુજબ અંતિમ જમ્મુ કાશ્મીરમાં ૨૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે.આ તબક્કામાં ૨૧૩ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. જ્યારે ઝારખંડમાં ૧૬ મહિલા ઉમેદવારો પૈકી ૨૦૮ ઉમેદવારો ભાવિ અજમાવી રહ્યા છે. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં આવતીકાલે યોજાનાર અંતિમ તબક્કાના મતદાન માટે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો છે. મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકો પણ મતદાનમાં જોડાયા હતા. કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જમ્મુથી પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ કાશ્મીરમાં અંતિમ તબક્કામાં ૨૦ બેઠકો માટે મતદાન યોજનાર છે. અહી ૨૧૩ ઉમેદવારો છે. જેમાં નાયબ મુખ્યપ્રધાન તારા ચંદ પણ સામેલ છે. આ ઉપરાંત શામલાલ શર્મા, રમણ ભલ્લા, મનોહર લાલ શર્મા, અજય સધોત્રા, લાલ સિંહ, તાલીબ હુસૈન, જીતેન્દ્ર બાબુનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચના અધિકારીએ કહ્યુ છે કે બુધવારે ઉમેદવારી પત્રો ખેંચવાના અંતિમ દિવસે ૧૨ ઉમેદવારો ખસી ગયા હતા. જેથી હવે કુલ ૨૧૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. અગાઉની સરખામણીમાં ખુબ ઉંચુ મતદાન રહે તેવી શક્યતા છે. અહીં કુલ ૧૮૨૮૯૦૪ મતદારો છે. જેમાં ૯૫૯૦૧૧ પુરૂષ મતદારો છે અને ૮૬૯૮૯૧ મહિલા મતદારો છે.ત્રણ સરહદી જિલ્લામાં ૨૩૬૬ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે જ્યાં તમામ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ તબક્કામાં ભાજપની પ્રતિષ્ઠા દાવ પર છે. કારણ કે વર્ષ ૨૦૦૮માં વિધાનસભાની ચૂંટણીમાં

અહીં ભાજપને સૌથી વદુ ૧૦ બેઠકો મળી હતી. કોંગ્રેસને પાંચ, એનસીને બે અને પીડીપીને એક બેઠક મળી હતી. બે બેઠકો અપક્ષે જીતી હતી. પ્રચાર દરમિયાન તમામ પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી ભાજપ પ્રથમ વખત રાજ્યમાં સરકાર બનાવવા માટે ઉત્સુક છે. તે મિશન ૪૪ને લઈનેવ્યસ્ત છે. મોદી પ્રચાર કરવામાં વ્યસ્ત રહ્યા છે. બીજી બાજુ ઝારખંડમાં પણ ભાજપ લડાયક છે. ઝારકંડમાં શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તંત્ર સજ્જ છે. અહીં ૧૬ મહિલા સહિત ૨૦૮ ઉમેદવારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા તૈયાર છે.૧૭૮૪૪૮૬ મહિલા મતદારો સહિત કુલ ૩૬૯૦૦૬૯ મતદારો છે. જે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ છે. ૨૩૧૧૪૮ મતદાર એવા છે જેમની વય ૧૮-૧૯ વર્ષ વચ્ચેની છે. ૧૬ સીટ પૈકી નવ જનરલ સીટ છે જ્યારે સાત આદિવાસી માટે રિઝર્વ છે. કુલ ૪૪૪૮ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી શહેરી વિસ્તારમાં ૧૪૯ છે. ચૂંટણી પંચે ૨૨૨૪૦ પોલિંગ કર્મચારીઓ તૈનાત કર્યા છે. બન્ને રાજ્યોમાં પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે. તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ પગલા લેવામાં આવ્યા છે. મતદાન દરમિયાન અનિચ્છનીય બનાવને ટાળવા સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. તાજેતરમાં એકાએક ત્રાસવાદી હુમલા વધી ગયા બાદ વધારે પગલા ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવ્યા છે. ઝારખંડમાં મુખ્યપ્રધાન અને જેએમએમના નેતા હેમંત સોરેન ડુમકામાંથી ચૂંટણી લડી રહ્યા છે. વિધાનસભાના અધ્યક્ષ શશાંક શેખર સરાતમાંથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. બન્ને રાજ્યોમાં ૨૩મી ડિસેમ્બરે મતગણતરીની પ્રક્રિયા યોજાશે.

પીએફ ઉપર ૮.૭૫ ટકા વ્યાજ ચુકવવાનો નિર્ણય

નવીદિલ્હી,તા. ૧૯

નરેન્દ્ર મોદી સરકારે વર્ષ ૨૦૧૪-૧૫ માટે પીએફ ઉપર ૮.૭૫ ટકા વ્યાજ ચુકવવાનો નિર્ણય કર્યો છે. ઈપીએફઓ દ્વારા સંચાલિત પ્રોવિડંડ ફંડના પાંચ કરોડથી વધુ ગ્રાહકોને આનાથી સીધો ફાયદો થશે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે તેમની થાપણ ઉપર ૮.૭૫ ટકા વ્યાજ ચુકવવાનો નિર્ણય લેવાયો છે. સુત્રોએ કહ્યું છે કે, એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની બેઠકમાં વ્યાજદર ચુકવણી દરને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૪-૧૫ માટે રેટને નાણામંત્રાલય દ્વારા લીલીઝંડી આપી દેવામાં આવી છે. વ્યવસ્થા મુજબ ઈપીએફઓ ટ્રસ્ટીના

નિર્ણયને નાણામંત્રાલય દ્વારા મંજુરી મળી ગયા બાદ અમલી બનાવવામાં આવે છે. નાણામંત્રાલયની મંજુરી બાદ હવે શ્રમ મંત્રાલય દ્વારા અને ત્યારબાદ ઈન્કમટેક્સ વિભાગ દ્વારા આને લીલીઝંડી આપવામાં આવે છે. ઈપીએફઓના આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. દરમિયાન સંસદમાં આજે માહિતી આપવામાં આવી હતી કે, અર્થતંત્ર આ નાણાંકીય વર્ષમાં ૫.૫ ટકાના દરે આગળ વધશે. સરકારની મધ્ય વાર્ષિક આર્થિક સમીક્ષામાં જાણવામાં આવ્યું છે કે મૂડીરોકાણની ગતિ હજુ સુધી તીવ્ર બની નથી પરંતુ ફુગાવામાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. સંસદમાં આજે અહેવાલ રજૂ કરાયો હતો. રિટેલ ફુગાવો આગામી પાંચ ત્રિમાસિક ગાળામાં ૫.૧થી ૫.૮ ટકાના રેંજમાં રહી શકે છે. વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષમાં ગ્રોથ રેટ ૫.૫ ટકા રહી શકે છે. સરકારની મધ્ય વાર્ષિક આર્થિક સમીક્ષામાં કેટલીક બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયો છે. જીડીપી ગ્રોથ રેટ ૫.૫ ટકા રહેવાની વાત કરાઈ છે. સમીક્ષામાં જણાવવામાં આવ્યું છે કે, આગામી વર્ષોમાં ૭.૮ ટકાનો વાર્ષિક વિકાસ દર રહી શકે છે. ફુગાવો ઉલ્લેખનીય રીતે ઘટી ગયો હતો. નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિનામાં એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં વિકાસદર ૫.૫ ટકા રહ્યો છે.

શબ્દસેતુ (પાના નં. ૪ નું ચાલુ)

સામાન્ય રીતે હાસ્ય લેખક મૂંગા ન હોય, પરંતુ સ્વ. વાગડિયા મૂંગા, શરમાળ હતા. તેઓ નમ્ર અને સુઘડ હતા.' તેઓની હાસ્ય નિષ્પતિ અને તેઓની હાસ્યની નૈસર્કિગ શક્તિ બાબતે વિગતે જણાવી, હાસ્યસંગ્રહ વાર્તાસંગ્રહ ઉપરાંતના અગાઉના ચાર સંગ્રહો (૧) દેરઅંધેર (૨) આઠમો શ્રવણ (૩) કલમ ચાલે (૪) લેમન કી દો બોટલ (હિન્દી) પ્રકાશનોની યાદી આખી, વાત એક કૂતરાની તબિયતની, મિસ્ટર નટવરલલાલ, ઘર હોય તો બે વાસણ ખખડેય ખરાં જેવી હાસ્યસહ વ્યંગ નિષ્પન્ન કરતી કૃતિઓની રસલ્હાણ પીરસી, સ્વ. વાગડિયા સાથેની જૂની યાદોને વાગોળી હતી. સ્વ. વાગડિયાની સ્થિતપ્રજ્ઞતા સહનશીલતા, મીતભાષીપણા અંગે અને બંને એકબીજા વગર ન રહી શકે તેવી મિત્રતાના પ્રસંગોને મમરાવ્યા હતા. સ્વ. વાગડિયાના પુત્ર ધીરેન વાગડિયા દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરી, તેમના પિતાની પુણ્યસ્મૃતિમાં સર્વેએ આપેલ સાથ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ડૉ. કશુભાઈ દેસાઈએ આ અવસરની પૂર્ણાહૂતિપૂર્વે જણાવ્યું હતું કે ગાંધીનગર સાહિત્યસભાએ નવો ચીલો ચાતરીને, સાહિત્યસભાને જે નવો ઓપ આપ્યો છે તેથી તેનો વ્યાપ વધ્યો છે. તે બદલ ખુશી વ્યક્ત કરી, આજના પ્રસંગે સાહિત્યનો જે ત્રિવેદી સંગમ રચ્યો તે બદલ સાહિત્યસભાના સંચાલકોને અભિનંદન આપીને શુભેચ્છાઓ પાઠવી હતી, અંતમાં સંજય થોરાતે આભાર દર્શન કરી, સર્વેનો તથા ગાંધીનગર જીલ્લા પુસ્તકાલયનો આભાર માની અવસરની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

૧૬ ત્રાસવાદી લીડરોએ કાવતરુ ઘડી કાઢ્યું હતુ

પેશાવર હુમલાના શખ્સો ઓળખાયા

પેશાવર,તા. ૧૯

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કુલ પર ભીષણ ત્રાસવાદી હુમલો કરીને સેંકડો સ્કુલી બાળકોને મોતને ઘાટ ઉતારી દેવા માટેનુ કાવતરુ ઘડનાર શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે. આ હુમલાનુ કાવતરુ ૧૬ તાલિબાની કમાન્ડરોએ ઘડી કાઢ્યું હતુ. હુમલાની યોજના તૈયાર કરનાર ત્રાસવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. તેમની સામે કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પાકિસ્તાન તહરીકે તાલિબાનના પ્રમુખ મુલ્લા ફજલુલ્લા, ડેપ્યુટી ખાલિદ હક્કાની અને ત્રાસવાદી જુથના ૧૪ ટોચના કમાન્ડરોએ મળીને હુમલાની યોજના તૈયાર કરી હતી. તપાસ કરનાર અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરી રહ્યા છે. એકત્રિત કરવામાં આવેલા પુરવામાં તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત બચી ગયેલા લોકોના નિવેદન નોંધવામાં આવી રહ્યા છે. પાકિસ્તાની અધિકારીઓએ કહ્યું છે કે તાલિબાની પ્રમુખ મુલ્લા ફજલુલ્લા સહિત ૧૬ તાલિબાની કમાન્ડરો આમાં સામેલ રહ્યા છે. આ હુમલામાં ૧૩૨ બાળકો સહિત ૧૪૮ લોકોના મોત થયા હતા. તહેરીકે તાલિબાનના જે ટોચના કમાન્ડરો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે તેમાં હાફિજ ગુલ બહાદુર, સૈફુલ્લા મંગલ, હાફિજ દૌલતના નામ સામેલ છે. જ્યારે હુમલાને અંજામ આપનાર આત્મઘાતી બોમ્બરોની ઓળખ પણ કરી લેવામાં આવી છે. દસ્તાવેજોના જણાવ્યા મુજબ આ આત્મઘાતી બોમ્બરોને બારાના શીન ટ્રાંગ માર્કજમાં તાલીમ આપવામાં આવી હતી. આત્મઘાતી બોમ્બર દ્વારા ઉપયોગ કરવામાં આવેલા વાહનની ઓળખ પણ કરી લેવામાં આવી છે. વાહનના માલિકની ધરપકડ કરી લેવામાં આવી છે. હુમલા દરમિયાન ત્રાસવાદીઓ વચ્ચે થયેલી વાતચીતની વિગતો જારી કરવામાં આવી છે.

રોબર્ટ વાઢેરા કેસ : કેસની ફાઈલમાંથી બે પેજ ગાયબ

ચંદીગઢ,તા. ૧૯

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંદીના જમાઈ રોબર્ટ વાઢેરા સાથે સંબંધિત જમીન કોંભાંડના કેસની ફાઈલમાંથી બે મહત્વપૂર્ણ પેજ ગાયબ થઈ જતા ચકચાર મચી ગઈ છે. જમીન કોંભાંડમાં ત્રણ સભ્યોની પેનલ બનાવવાને લઈને જારી કરવામાં આવેલા ઓફિશિયલ નોટિંગવાળા પેજ ગાયબ છે. આ પેનલે રોબર્ટ વાઢેરાની કંપની સ્કાઈલાઈટને જમીન કોંબાડમાં ક્લીન ચીટ આપી દેવામાં આવી હતી. સાથે સાથે ડીએલએફ-સ્કાયલાઈટ સોદાબાજી સમજુતીના મ્યુટેશન રદ કરનાર આઈએએસ અશોક ખેમકા પર વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. એક

એફિડેવિટમાં હરિયાણાના પોલીસ અધિકારી ડીઆર વાધવાએ કહ્યું છે કે ૧૯મી ઓક્ટોબર ૨૦૧૨ના દિવસે મુખ્ય સચિવે જમીન કોંભાંડની તપાસ માટે કૃષ્ણાં મોહન, કેક જાલાન અને રાજન ગુપ્તા સહિત ત્રણ સભ્યોની તપાસ સમિતીની રચના કરવાના આદેશ કર્યા હતા. આની સાથે સંબંધિત ઓપિશિયલ નોટિંગ મુખ્ય ફાઈલમાંથી દુર કરી દેવામાં આવતા ભારે ચકચારની સ્થિતી છે. પેજ ગાયબ થઈ ગયા બાદ શોધખોળ ચાલી રહી છે. અશોક ખેમકાએ જમીન કોંભાંડ સાથે સંબંધિત ઓફિશિયલ નોટિંગ માંગવા માટે આરટીઆઈ પાસે અપીલ કરી હતી. ત્યારબાદ સરકારે એક એફિડેવિટ દાખલ કરી છે. આ એફિડેવિટ એસઆઈસી સમક્ષ રજૂ કરવામાં આવી છે. જમીન કોંભાંડના સંબંધમાં અશોક ખેમકાની સામે પણ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ મામલામાં પોતાના બચાવ માટે ખેમકાએ પહેલાથી જ ઓફિશિયલ નોટિંગની માંગ કરી હતી. જે નહી મળતા ચર્ચા છે. ત્યારબાદ ખેમકાએ એસઆઈસી પાસે જઈને રજૂઆત કરી હતી. વાઢેરા સામે ઉંડી તપાસ ચાલી રહી છે.

પેશાવર જેવા હુમલાઓની દહેશત વચ્ચે તમામ રાજ્યોને ખાસ સૂચના

સ્કૂલો પર ઓછામાં ઓછા ત્રણ ગાર્ડ ૨૪ કલાક રાખવા અને નક્કર સરહદી દિવાલ સ્કૂલોને બનાવવી પડશે

નવીદિલ્હી,તા. ૧૯

ભારતમાં અગ્રણી સ્કૂલોમાં પેશાવર જેવા આતંકવાદી હુમલા થઈ શકે છે તેવી દહેશત વચ્ચે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આજે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે એડવાઈઝરી જારી કરવામાં આવી હતી જેમાં આતંકવાદી પરિસ્થિતિને હાથ ધરવા અંગે સ્કૂલોને સીબીએસઈની ૨૦૧૦ની માર્ગદર્શિકા પાળવા માટે કહેવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા સ્પષ્ટપણે સૂચના આપવામાં આવી છે. આના ભાગરુપે સ્ટાન્ડર્ડ ઓપરેશન પ્રોસીડર અપનાવવા કહેવામાં આવ્યું છે. સ્કૂલના ગેટની બહાર અપહરણ, સ્કૂલની બહાર માર્ગથી ગોળીબાર, સશસ્ત્ર ઘુસણખોરી, વાંધાજનક સામગ્રી મળી આવવાની બાબતની નોંધ રાખવા કહેવામાં આવ્યું છે. આતંકવાદી હુમલા સામે તૈયારીની ચકાસણી કરવા સ્કુલોમાં નિયમિતપણે મોકડ્રીલ હાથ ધરવા માટે પણ કહેવામાં આવ્યું છે. લશ્કરે તોઇબા, સિમી અથવા તો ઈન્ડિયન મુઝાહિદ્દીનના ત્રાસવાદીઓ અન્ય નામ સાથે હુમલા કરી શકે છે તેવા ઈન્ટેલીજન્સ અહેવાલ આવ્યા બાદ કોઈ તક લેવામાં આવનાર નથી. ઉંચી દિવાલો કુદીને પણ ત્રાસવાદીઓ પહોંચી શકે છે. મોલ, રેલવે સ્ટેશનો, સ્કૂલો, થિયેટરોમાં સુરક્ષા વધારવા કહેવામાં આવ્યું છે. ગૃહમંત્રાલય દ્વારા એસઓપીનો પુનરોચ્ચાર કરીને કહેવામાં આવ્યું છે કે, તમામ સ્કૂલોને નક્કર સરહદી દિવાલ બનાવવી પડશે. સાથે સાથે દરેક પ્રવેશ દ્વાર ઉપર ઓછામાં ઓછા ત્રણ ગાર્ડ ૨૪ કલાક રાખવા પડશે. ગેટથી ટેલિફોન કનેક્ટિવી રાખવી પડશે. બાઉન્ડ્રીની સાથે સીસીટીવી વ્યવસ્થા, વોકી ટોકી કોમ્યુનિકેશનની સુવિધા રાખવી પડશે. ગાર્ડો વચ્ચે વોકીટોકીની સુવિધા, અલાર્મ સિસ્ટમ, સેન્ટ્રલાઈઝ પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ અને અન્ય તમામ સુવિધાઓ રાખવી પડશે. સ્કૂલોને લઈને તમામ સાવધાની રાખવા માટે પહેલાથી કહેવામાં આવી ચુક્યું છે. વિદ્યાર્થીઓના આગમન અથવા તો પરત જવાના સમયે બાળકોના અપહરણના કેસમાં ગાર્ડને પણ સાવધાની રાખવી પડશે. સ્કૂલની અંદર અને બહાર બાળકોની સાચવણી માટે પગલા લેવા પડશે. બ ોંબની અફવાની સ્થિતિમાં બાળકોને યોગ્ય ચકાસણી વગર કોઈપણ એક સ્થળ ઉપર એકત્રિત નહીં કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આતંકવાદી પરિસ્થિતિ દરમિયાન માતા-પિતા સાથે નિયમિતરીતે વાતચીત જરૂરી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, એસઓપીના તમામ નિયમો પાળવા પઢશે.

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીની તબિયત સુધરી

નવીદિલ્હી,તા. ૧૯

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની તબિયત હવે સુધારા પર છે. તેમની તબિયતમાં ઝડપી સુધારા થઈ રહ્યા છે. શ્વાસની તકલીફ અને ઈન્ફેક્શનની અસર થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સરગંગારામ હોસ્પિટલમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન અજય સ્વરુપે માહિતી આપતા કહ્યું છે કે, તેમની સ્થિતિ સ્થિર છે અને ઝડપથી રિકવર થઈ રહ્યા છે. ૬૮ વર્ષીય કોંગ્રેસી નેતાને ગઈકાલે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમને ઈન્ફેક્શનની અસર થઈ હતી. શ્વાસની પણ તકલીફ હતી. ડોક્ટર અરુપકુમારની સંભાળ હેઠળ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સોનિયા ગાંધીને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ અને અન્ય સભ્યો તેમને મળવા માટે હોસ્પિટલ પહોંચ્યા હતા અને તેમની તબિયત અંગે માહિતી મેળવી હતી.

સમાચાર ઝલક

- જન ધન યોજનાનો લાભ બેંકના જુના ખાતેદારોને પણ મળશે.
- સૂરતમાં પ્રવાસમાં જવાની ના પાડતાં ધો-૮ના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી.
- છુટક સિગારેટના વેચાણ પર પ્રતિબંધ માટેની નીતિ નક્કી થઈ રહી છે.
- યમનમાં સ્કુલ બસ પર ત્રાસવાદી હુમલો. બોમ્બ વિસ્ફોટમાં ૨૫નાં મોત.
- અમદાવાદ-રાજકોટમાં શેર બ્રોકરોને ત્યાં આવકવેરાના દરોડા.
- સૂરત જિલ્લાના માંડવીના મામલતદારને અંધારામાં રાખી કારકુને જમીનોના કાગળો પર સહીઓ કરાવી લીધી.
- મુંબઈમાં ગુટખા બનાવનાર કંપનીનો માલિક મોંના કેન્સરમાં સપડાતાં ગુટખાનો ધંધો બંધ કરી દીધો.
- આગામી ૭મી જાન્યુઆરીએ ગુજરાતમાં બેંક હડતાળ પડશે.
- લંડનમાં બીબીસની કચેરીમાંથી ટોઈલેટ પેપર ટોઈલેટમાંથી ચોરાઈ ગયા.
- ગુજરાતમાં સોનાની દાણચોરીમાં નવ ગણો વધારો થયો.
- ઉત્તરીય જાપાનમાં બરફનું તોફાન ૩૦૦ ફ્લાઈટ રદ, ૫૦૦ વાહનો બરફમાં દટાયા.
- રશિયામાં આર્થિક કટોકટી. આખા વિશ્વને ધ્રુજાવશે.
- ભગવાનને વેપાર બનાવી દેનારને ખુલ્લા પાડતી પી.કે. ફિલ્મ રજુ થઈ.